## આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા ઘઉં અને ચણા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગજીવાત નિયંત્રણ વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ **૨૩/૧૨/૨૦૨૨** ના રોજ **આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા ઘઉં અને ચણા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ-જીવાત નિયંત્રણ** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિશે ખેડૂતોને વાકેફ કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. વાય.બી.ચૌહાણ** દ્વારા ઘઉં અને ચણા પાકોમાં સંકલિત રોગ જીવાત નિયત્રણ, **ડૉ. એ.વાય.માકાણી (આર.એ,પાક સંવર્ધન)** દ્વારા ઘઉં અને ચણા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને નવીન જાતોની સમજણ **ડૉ.એચ.કે.દેસાઇ (આર.એ, વિસ્તરણ)** દ્વારા વર્મીકોમ્પોસ્ટ બનાવવાંની પધ્ધતિ અને તેની ખેતી પાકોમાં અગત્યતા, **ડૉ.એકતા પંડયા (આર.એ, હોમ સાયન્સ)** દ્વારા મીઠી મકાઇનું મૂલ્યવર્ધન જેવા જુદા જુદા વિષય ઉપર વૈજ્ઞાનિકો દ્વારા વ્યાખ્યાન તેમજ ફિલ્મ શો થકી ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ તાલીમ વર્ગમાં દેવગઢ બારીયા તાલુકાનાં ઉધાવડા ગામનાં 30 ખેડૂત મહિલાઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ અને ડૉ.એકતા પંડયા** દ્વારા કરવામાં આવેલ.










TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY
DEVGADH BARIA (DIST : DAHOD)


TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY
DEVGADH BARIA (DIST : DAHOD)